ભારત સરકાર ધ્વારા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણ માટે આર.ટી.ઇ. એકટ-૨૦૦૯ અને તે હેઠળના નિયમો-૨૦૧૨ના અંતર્ગત અનિયમિતતાઓ સંદર્ભ દંડકીય જોગવાઇ કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૪/સી.ફા./૧૦/ક
સચિવાલય,ગાંધીનગર
તા.૦૨/૧૨/૨૦૧૪

વંચાણે લીધોઃ-

(૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરની સિંગલ ફાઇલ ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/આર.ટી.ઇ./૨૦૧૪/ક ઉપરની તા.૫-૫-૨૦૧૪ની દરખાસ્ત.

આમુખઃ-

ભારત સરકાર દ્વારા બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯નો અમલ રાજય સરકારે છે. રાજય સરકારે આ અધિનિયમ હેઠળ મળેલ સત્તાનીરૂએ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણ નિયમો-૨૦૧૨ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.આર.ટી.ઇ.એકટ-૨૦૦૯ માં અધિનિયમની કલમ-૧૩ (૨) (ક), અધિનિયમની કલમ-૧૩(૨) (ખ) અને અધિનિયમની કલમ-૧૮(૫) ની જોગવાઇઓ મુજબ ઉલ્લંઘન બદલ દંડની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ તે સંસ્થા ધ્વારા આર.ટી.ઇ.એકટ-૨૦૦૯ અને તે હેઠળના નિયમોના ઉલ્લઘંન સંદર્ભે નીચે સુચવેલ સંજોગોમાં દંડની જોગવાઇ કરવા બાબતે પ્રાથમિક નિયામકશ્રીએ વંચાણે લીધેલ ક્રમઃ(૧) અન્વયે સીંગલ ફાઇલ પર દરખાસ્ત કરેલ જે સરકારીશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ- કાળજી પૂર્વકની વિચારણાના અંતે નીચે જણાવેલ કિસ્સાઓમાં અધિનિયમની જુદી જુદી કલમો હેઠળ આચરેલ અનિયમિતતા માટે દંડની જોગવાઇ નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | સંસ્થાઓ ધ્વારા આચરવામાં આવતી અનિયમિતતા | અધિનિયમની કલમ | સૂચીત દંડ માટેની ભલામણ |
|---|---|---|---|
| ૧ | નબળા અને વંચિત જૂથના બાળકોને ૨૫ ટકા અનામત જગ્યાઓ ઉપર નિશુલ્ક પ્રવેશ ન આપવા બાબત | કલમ-૧૨(૧) | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૨ | શાળા છોડયાનું પ્રમાણપત્ર ન આપવા બાબત. | કલમ-૫(3) | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| 3 | લાયકાત ધરાવતા વિદ્યાર્થીને પ્રવેશ ન આપવા બાબત | કલમ-૧૫ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૪ | વર્ગમાં અનુત્તિર્ણ કરી રાખી મુકવા અને શાળામાંથી કાઢી મુકવા બાબતે | કલમ-૧૬ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૫ | બાળકને શારિરીક શિક્ષા અને માસિક ત્રાસ આપવા બાબત | કલમ-૧૭ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૬ | વિદ્યાર્થીને ગણવેશ પહેરવા અંગે કોઇ પણ પ્રકારનો દંડ કે શિક્ષા કરવા બાબત વિદ્યાર્થી વાલીની મરજી વિના શાળા છોડવા બાબતે દબાણ કરવા બાબત. શાળામાં આવવા માટે શાળાએ નકકી કરેલ વાહનમાં આવવા-જવા માટે દબાણ કરવા બાબત. શાળા ધ્વારા ચલાવવામાં આવતી હોસ્ટેલમાં રહેવા બાબત. અને અમુક ચોકકસ દુકાનેથી ગણવેશ, નાસ્તો, પુસ્તકો અને સ્ટેશનરી ખરીદવા દબાણ કરવા બાબત. | કલમ-૧૭ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૭ | સરકારશ્રી તરફથી અપાયેલ સૂચનાઓનું પાલન ન કરવા બાબત. | કલમ-૧૯ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૮ | લાયકાત સિવાયના શિક્ષકો ધ્વારા શિક્ષણ કાર્ય કરાવવામાં આવે તો. | કલમ-૨૩ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૯ | શાળાના શિક્ષકો ખાનગી ટયુશન કરતા હોય અને બાળકોને ટયુશન રાખવા માટે દબાણ કરતા હોય. | કલમ-૨૮ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |
| ૧૦ | સરકારશ્રીના પરીક્ષા (મુલ્યાંકન) અંગેના નિયમોનું શાળા ધ્વારા ઉલ્લંઘન કરવામાં આવે. | કલમ-૨૯ | પ્રથમ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/- અને તે પછીની દરેક અનિયમિતતા દીઠ/પ્રસંગ દીઠ રૂા.૨૫,૦૦૦/- |

૨. સરકારશ્રીના જાહેરનામા, ઠરાવ, પરિપત્રો કે સરકારની સૂચનાઓની અવગણના સબબ તેમજ ફરિયાદ થતાં અધિકૃત અધિકારી ધ્વારા તપાસના અંતે કરવામાં આવેલ આ દંડનીય જોગવાઇ મુજબ દંડ ભરવામાં ન આવે તેમજ વારંવાર અનિયમિતતાઓ આચારવામાં આવે તેવા સંજોગોમાં અંતિમ પગલાં તરીકે શાળા આ પ્રકારે નિર્દેશ કરેલ અનિયમિતતાઓ સતત પાંચ વખત કરે તો, તેવા સંજોગોમાં શાળા/સંસ્થાની શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવાની રહેશે. આ બાબતે આખરી નિર્ણય જે તે જિલ્લાના અધિકૃત અધિકારી એટલે કે જિલ્લા પંચાયતના વિસ્તારની શાળાઓ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગરપાલિકા/મહાનગરપાલિકા, કેન્ટોનમેન્ટ વિસ્તારની શાળાઓ માટે જે તે જિલ્લાના શિક્ષણાધિકારીઓશ્રીની રહેશે.

૩. સી.બી.એસ.સી. અથવા આઇ.સી.એસ.ઇ. કે અન્ય બોર્ડની શાળાઓ માટે આપેલ એન.ઓ.સી. રદ કરવા સંબંધિત બોર્ડને તે શાળાની માન્યતા રદ કરવા રાજય સરકાર દ્વારા ભલામણ કરવામાં આવશે.

૪. આ ઉપરાંત જો શાળા મેનેજમેન્ટ સજાથી નારાજ હોય તો વિભાગ કક્ષાએ અપીલ કરી શકે છે. આ અંગે નાયબ સચિવ/સંયુકત સચિવ/અધિક સચિવશ્રી(અપીલ) ને આ અપીલો સાભળી નિર્ણય લેવા માટે અધિકૃત કરવામાં આવે છે.

૫. આ દંડનીય જોગવાઇઓ નિયમાકશ્રી પ્રાથમિક શિક્ષણે સબંધિતોના ધ્યાન પર લાવવાની રહેશે. અને કાર્યવાહી અંગે નિયમોના પરિપ્રેક્ષમાં જરૂરી સૂચનાઓ આપવાની રહેશે.

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૩/૯/૨૦૧૪ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. બ્રહ્મભટ્ટ )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય
- સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ટે.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓની કચેરી,ગુજરાત રાજય,ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન,સેકટર-૧૭,ગાંધીનગર.
- સચિવશ્રી,ગુજરાત મા.અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રી.
- સર્વે શાસનાધિકારીશ્રી,મહાનગરપાલિકા/નગરપાલિકા
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય,ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ( વેબ સાઇટ મૂકવા સારૂ),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ/સિલેકટ ફાઇલ

ન્યુ 002